સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

શિક્ષણ સ્તર અને નિષ્ઠાની, પરીક્ષા થઈ જશે!
સૌની વિશ્વસનીયતાની, પરીક્ષા થઈ જશે!
પરીક્ષા થઈ જશે, વહીવટી માળખાંની પણ -
શાળાની એક સાથે રાજયમાં પરીક્ષા થઈ જશે!
(સરકારશ્રી ને પોતાના જ શિક્ષકો પર વિશ્વાસ નથી?!)

હાઈકુ

કોઈ જ શાળા -
બદલી નહીં શકે -
એકેય પ્રશ્ન...
(રહેજો મક્કમ)

પરીક્ષા રૂપી
શાંત સરોવરમાં -
થશે કુંડાળાં...
(વમળનો વિકાસ)

ચિંતન

નામ વિના બે કામ હૈ, છપ્પન ભોગ વિલાસ,
કા ઈન્દ્રાસન બૈઠિયો, કા વૈકુંઠ નિવાસ.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

પૂર્વ જન્મનાં સંચિત કર્મોને આધિન અનેક પ્રકારનાં ભોગવિલાસ અને એશઆરામ તમને પ્રાપ્ત થયાં હોય, અરે! ઈન્દ્રાસન પર બેસવાનો અધિકાર પ્રાપ્ત થયો હોય, કે વૈકુંઠમાં નિવાસ કરવાનું મળ્યું હોય તો તે બધું પ્રભુનામ સ્મરણ વિના વ્યર્થ છે.

ઉપર કહ્યા મુજબ તમને મળેલ સર્વ પ્રકારની સુખસાહ્યબી તમે ભોગવતાં ભોગવતાં તમે પૂર્વે કરેલાં પૂણ્ય કર્મો ધીમે ધીમે ક્ષીણ થતાં જાય છે અને તે પૂરાં થતાં અંતે તો તમારે મૃત્યુલોકનાં ચક્રમાં જ ફસાવું પડે છે. ત્યારે ઈશ્વર સ્મરણ કરનાર આ ચક્રમાંથી મુક્ત થઈ જાય છે અને ફરી આ માયાવી સંસારમાં આવતો નથી. આમ સંસારની ઘટમાળમાંથી મુક્ત ફક્ત ભગવદ્ સ્મરણ દ્વારા મળે છે.

સુવિચાર

- જેને પાઘડી સમજી માથે બેસાડ્યા એ જ પગલૂંછણિયા નીકળ્યા - **એસ. ભટ્ટાચાર્ય**
- જીરવી શકાય તેમને જાળવી લેજો, જાળવી ના શકાય તેમને જીરવી લેજો - **જીવન પાથેય**
- વિજ્ઞાન સૃષ્ટિ બદલી શકે છે તો ધર્મ દૃષ્ટિ બદલી શકે છે - **જનકલ્યાણ**
- ઘણાં સંબંધો આવા પણ હોય છે : લગોલગ છતાં અલગ અને ઘણા સંબંધો એવા પણ હોય છે : અલગ છતાં લગોલગ - **ડો. હરિશ પારેખ**
- મૂર્ખથી સંબંધ રાખવા માટે બહુ જ બુદ્ધિની જરૂર પડે છે - **સ્પેનિશ કહેવત**
- જયાં સરકાર લોકોને નહિ, પણ લોકો સરકારને દોરે ત્યાં જ સાચી સ્વતંત્રતા પાંગરે છે - **વુડસે નેલ્સન**
- આજનું ઔષધ : એક ભાગ લીંબુનો રસ અને ત્રણ ભાગ તલનું તેલ મેળવી પગના વાઢીયા પર લગાડવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સંત એકનાથને પોતાના વારસદારની શોધ કરવાની હતી. તેઓ એમના શિષ્યોમાંથી યોગ્ય વ્યક્તિની શોધમાં હતા. તેમણે પરિક્ષા કરવા તેમના શિષ્યોને આશ્રમની પાછલ કંપાઉન્ડ વૉલ બનાવવાની સૂચના આપી. સૌ શિષ્યોએ સંપીને દિવાલ બનાવી દીધી. ત્યારે એકનાત તે દિવાલને તોડી નાખવા સૂચવા આપી. દિવાલ તોડી નાખી ત્યારે ફરીથી દિવાલ બનાવવાની સૂચના આપી. આવું ત્રણ ચાર વાલ ચાલ્યું. ધીમે ધીમે શિષ્યો કંટાળી અને દિવાલ બનાવવાના કામથી દૂર થવા લાગ્યા. પરંતુ ચિત્રભાનુ નામનો શિષ્ય સંપૂર્ણ નિષ્ઠા સાથે પોતાના કામમાં લાગી રહ્યો. વારંવાર તોડવા છતાં તે જરા પણ અકળાયો નહીં. એકનાથે ચિત્રભાનુ ને કહ્યું, 'તારા બધા જ સાથી આ કામ છોડીને ભાગી ગયા, પરંતુ તું હજી આ જ કામ સાથે વળગી કેમ રહ્યો છે ?' ચિત્રભાનુ બોલ્યા, 'આપ અમારા ગુરુ છો અને આપની આજ્ઞા હોય તો હું શું કામ પાછો પડું, હું આપ જ્યાં સુધી સૂચના આપશો ત્યાં સુધી હું કાર્ય કરતો રહીશ.' એકનાથ પ્રસન્ન થયા. તેમણે ચિત્રભાનુને પોતાનો વારસદાર જાહેર કરતા કહ્યું, 'સંસારમાં મોટાભાગના લોકો ઊંચી આકાંક્ષાઓ રાખે છે અને સર્વોદય પદે પહોંચવા માંગે છે. પરંતુ તેના માટે જરૂરી પાત્રતા મેળવવાનો પ્રયાસ નથી કરતા અથવા થોડો પ્રયાસ કરીને પીછેહટ કરી જાય છે. કોઈ પણ સિદ્ધિ હાંસલ કરવા માટે માત્ર ઈચ્છા અને પરિશ્રમ જ નહીં, દૃઢતા પણ જરૂરી છે. એવા વ્યક્તિ જીવનમાં પોતાનું લક્ષ્ય હાંસલ કરી શકે છે.'

રાજકીય ક્ષિતિજ પર નવાં પરિબળોનો ઉદય

તંત્રીસ્થાનેથી...

સમય સાથે બધું બદલાતું હોય છે. કયારેક આ દેશમાં રાજાશાહી હતી. નાનાં નાનાં અસંખ્ય રજવાડાંમાં વહેંચાયેલા દેશને એક સૂત્રમાં બાંધવાનું કામ અશક્ય નહીં તો અઘરું તો હતું જ. આઝાદી પછી રચાયેલી પંડિત નહેરુના નેતૃત્વવાળી સરકારના નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે એમના ચુનંદા વહીવટી અધિકારીઓ અને કનૈયાલાલ મુનશી જેવા પ્રબુદ્ધ સાથીના સહયોગથી એ અઘરું કામ પાર પાડ્યું અને આપણે જેને 'રાજયોનો સંઘ' તરીકે ઓળખીએ છીએ તે આજનું ભારત રચાયું. કોંગ્રેસ આઝાદીની ચળવળ સાથે સાદ્યોપ્રાન્ત સંકળાયેલી રાજકીય સંસ્થા હતી - એટલે સ્વાભાવિક રીતે જ દેશનું શરુઆતનાં વર્ષો દરમિયાન સુકાન એના જ હસ્તક રહ્યું. લોકશાહી ખરી, પરંતુ સંસદીય લોકશાહી, એટલે વિવિધ રાજકીય પાર્ટીઓ અસ્તિત્વમાં આવતી રહી એમ કોંગ્રેસનું કદ સંકોચાતું ગયું. કોંગ્રેસ 'ગાંધી વિચાર' ને વરેલી હતી, પરંતુ કાળક્રમે ગાંધીવિચાર માત્ર કર્મકાંડ બની રહ્યો અને સત્તા, સંપત્તિ તથા પરિવારવાદ જેવી બાબતો મહત્ત્વની બની ગઈ. કોંગ્રેસના ક્રમિક અધઃપતનના મૂળમાં આ ત્રણે બાબતોનો ફાળો રહ્યો છે. કોંગ્રેસ બિનસાંપ્રદાયિકતાના નામે લઘુમતીને પંપાળી રહી એનું નુકશાન લાંબે ગાળે એને સત્તા પરથી હટાવવામાં પરિણમ્યું. આજે દેશનો સૌથી સમૃદ્ધ મજબૂત રાજકીય પક્ષ હિંદુ રાષ્ટ્રની માનસિકતા ધરાવતી ભારતીય જનતા પાર્ટી છે અને સૌથી મજબૂત રાષ્ટ્રીય નેતા નરેન્દ્ર મોદી છે. લોકશાહીની જ આ બલિહારી છે કે વડનગર જેવા અંતરિયાળ કસબામાંથી આવતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારકના હાથમાં દેશનું સુકાન સોંપવામાં ભારતીય મતદાતાઓને શાણપળ વરતાયું છે. કોંગ્રેસમાં રાષ્ટ્રીય નેતૃત્વ કરી શકે એવા નેતાઓ નથી રહ્યા, ફક્ત એક પરિવારની આસપાસ આખી પાર્ટી ગરબા ગાતી રહી છે. કોંગ્રેસનો વિકલ્પ ભાજપ હોઈ જ શકે. કોંગ્રેસ ગરીબલક્ષી, બિનસાંપ્રદાયિક પાર્ટી હોવાનું જાણીતું છે. કોંગ્રેસને મળતા આવે એવા પ્રાદેશિક પક્ષોમાં સમાજવાદી પાર્ટી, જનતા દળ (યુ) રાષ્ટ્રીય જનતા દળ વગેરે પાર્ટીઓ છે. શરદ પવાર અને મમતા બેનરજીએ તો એમની પાર્ટીઓના નામમાં પણ 'કોંગ્રેસ' શબ્દ અકબંધ રાખેલ છે. ઓડિશાની પ્રાદેશિક પાર્ટી બીજુ જનતા દળ (બીજેડી) પણ મૂળે કોંગ્રેસનો જ ફાંટો છે. આ તમામ ઉપરાંત અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી મહદંશે કોંગ્રેસના જ ગાંધીવિચારને લઈને ચાલે છે. પ્રશાંત કિશોર જેવા ચૂંટણી વ્યૂહ તજજ્ઞ પ્રોફેશનલી ભલે કયારેક નરેન્દ્ર મોદી સાથે તો કયારેક રાહુલ ગાંધી સાથે અને કયારેક નીતીશકુમાર સાથે તો કયારેક કેજરીવાલ સાથે ધંધાકીય સંબંધ ઊભો કરી કમાયા હોય, પરંતુ એમનો આત્મા ગાંધી વિચારનો સમર્થક છે. તેથી છેલ્લે કેજરીવાલ સાથે બેસતાં એમણે બિહારના એમના રાજકીય આકા સામે શિંગડાં ભરાવ્યા છે. નીતીશકુમારે એમને ગૃહપ્રધાન અમિત શાહની ભલામણથી જદ(યુ)ના ઉપપ્રમુખ અને બિહારના પહેલી પંગતના નેતા બનાવી દીધેલા. ભારતીય જનતા પાર્ટી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અમિત શાહની શેહમાં આવી જઈ નીતીશકુમારે પ્રશાંત કિશોરને પાર્ટીમાંથી ડિસમિસ કર્યા છે. હવે તેઓ નાગરિકતા સંશોધન કાનૂનના વિરોધમાં નીતીશકુમાર સામે લડી લેવાનાં મૂડમાં છે. નીતીશકુમાર પોતાને 'વિકાસપુરુષ' તરીકે ઓળખાવ છે પરંતુ બિહાર હજુ ૨૦૦૫ની સ્થિતિથી આગળ નથી વધ્યું અને દેશનાં સૌથી પછાત રાજયોમાં ઝારખંડ પછી બીજા નંબરે છે. પ્રશાંત કિશોર પાસે કોઈ જાદુઈ ચિરાગ ભલે ન હોય પરંતુ બિહારના બેકાર યુવાનોને આકર્ષવા જેટલી બૌદ્ધિકતા જરૂર છે. આગામી ચૂંટણીમાં પ્રશાંત કિશોર બિહારમાં નીતીશકુમારને ભારે પડે તો નવાઈ નહીં. અરવિંદ - પ્રશાંતની જોડી પાસે યુવાનોને ઘણી મોટી અપેક્ષાઓ રહેશે.

મારી માતૃભાષાનો વૈભવ તો જુઓ... જતા લોકોને Bye (જાઓ) નહિ...! પણ 'આવજો' કહીએ છીએ

લાગણીનો મેળો
રસિક વાળંદ

મૂળમાં નહીં સીંચાય વારિ તો કયાંથી જીવશે વેલ?
વિચારી લેજો પ્રિય બંધુજન પડી ભાંગશે મહેલ
ગરવી ને ગુણવંતી ભાષા દેવદીધી ગુજરાતી,
જતન નહીં કરીએ તો આપણી ખોવાશે સંસ્કૃતિ.
- ધીરુબહેન પટેલ

૨૧ ફેબ્રુઆરી... વિશ્વ માતૃભાષા દિવસ...

એક સરસ સુઅવસર સાંપડ્યો છે. આપણી માતૃભાષાને વધાવવાનો... વિશ્વની દરેક સંસ્કૃતિના લોકોને પોતાના મૂળ સાથે જોડવાનો ઉમદા હેતુ એમાં છુપાયેલો છે. વિશ્વની કેટલીક ભાષાઓ લુપ્ત થવાના આરે છે. ત્યારે સંસ્કૃતિની વિવિધતાને સન્માનવી અને બહુ ભાષાવાદને ઉત્તેજન આપવું એ હિતકર છે. જેનાથી વૈશ્વિક સંવાદ અને સંપર્ક સાધી શકાય જન જનને સમજી શકાય... તેથી જ ફાધર વાલેસે કહેવું પડ્યું, 'ભાષા જશે તો સંસ્કૃતિ જશે.'

દોસ્તો, સંસારમાં અનંત સ્ત્રીઓ હોવા છતાં માતાનું સ્થાન કોઈ ન લઈ શકે. તેવી રીતે જગતમાં શિષ્ટ અને સમૃદ્ધ ભાષાઓ અગણિત હોય છતાં એમાંથી કોઈ માતૃભાષાનું સ્થાન ન લઈ શકે. સહજપણે માણસ માતૃભાષામાં વિચાર કરે છે અને માતૃભાષા દ્વારા જ પોતાના વિચાર વ્યક્ત કરે છે. હૈયાના ભાવો માતૃભાષામાં જે સ્વાભાવિક અને સચોટપણે વ્યક્ત થાય તે પરભાષામાં ન થઈ શકે. જગતના મહાન સાહિત્યકારોએ માતૃભાષાને પોતાના વિચારો ને ઊર્મિઓનું વાહન બનાવ્યું છે. ખલિલ જિબ્રાને કહ્યું છે કે, 'મારી માતાએ મારો અભ્યાસ માતૃભાષામાં થાય એવો આગ્રહ જો ન રાખ્યો હોત તો આજે હું ઉન્નતિના આ શિખરોને સર ન કરી શક્યો હોત.'

દુનિયાના પ્રગતિશીલ દેશોએ માતૃભાષાને જે મહત્ત્વ આપ્યું છે. આપણે જ એક એવા છીએ કે ગુજરાતી બોલવામાં નાનમ અનુભવીએ છીએ. આજે અંગ્રેજી ભાષાનો મોહ વધવા લાગ્યો છે... મિત્રો, રાજકીય ગુલામીને કારણે શાળા મહાશાળાઓમાં ઈતિહાસ, ભૂગોળ કે ગણિતશાસ્ત્ર જેવા વિષયોનું શિક્ષણ અંગ્રેજીમાં કરાવાતું, પરંતુ આજે પણ આપણે ત્યાં આજ બાબતની હિમાયત થતી રહી છે. આપણે એ સમજવું રહ્યું કે ઉપર જણાવેલ વિષયોનું જ્ઞાન મેળવવા પ્રથમ તો વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર કાબૂ મેળવવો પડે. પછી ભાષાના આવરણો ભેદીને વિષયના સિદ્ધાંતોને સમજવા પડે. છેવટે પરીક્ષામાં વિષયનું જ્ઞાન પરભાષામાં વ્યક્ત કરવું પડે. આવા ત્રેવડા બોજાના પરિણામે પરભાષામાં મેળવેલું જ્ઞાન છીછરું, અપરિપક્વ ને અધુરું જ રહે... આ તથ્યના બચાવમાં ઘણા એવું યે કહેતા હોય છે કે શાસ્ત્રીય વિષયોનાં સારાંને પ્રમાણભૂત પુસ્તકો ગુજરાતી ભાષામાં મળતા નથી તેથી અંગ્રેજીનો આધાર લીધા વિના છૂટકો નથી. પણ આ મુશ્કેલીનું નિવારણ કરી શકાય જુદા જુદા નિષ્ણાતો પાસે માતૃભાષામાં આવાં પુસ્તકો તૈયાર કરાવી શકાય. આ સંદર્ભે મને એક વાત યાદ આવે છે, ભારત અને ઈઝરાયેલ લગભગ નજીકના સમયગાળે આઝાદ થયા. ઈઝરાયેલ લગભગ ૪૦૦૦ વર્ષની પરાધીનતા પસાર કરી અને આપણો દેશ ૧૦૦૦ વર્ષ ગુલામ રહ્યો. આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન પં. નહેરુ તેમજ ઈઝરાયેલના રાષ્ટ્રપ્રમુખ ભારતમાં મળ્યા, નહેરુએ ઈઝરોયલી પ્રમુખને કહ્યું, 'ભારત ઈઝરાયેલની મૈત્રી ઈચ્છે છે આપને ભારત શું મદદ કરી શકે?' ઈઝરાયેલી પ્રમુખે ખુમારીભેર જણાવ્યું, 'ઈઝરાયેલને ભારતની કોઈ મદદની જરૂર નથી, અમે સ્વનિર્ભર છીએ. શક્ય હોય તો ભારત એક દિવસનો વરસાદ અમને મોકલી આપે.' પ્રમુખને પૂછવામાં આવ્યું, 'આપની રાષ્ટ્રભાષા તેમજ શિક્ષણનું માધ્યમ કઈ ભાષા રહેશે ?' 'ચોક્કસ જ હિબ્રુ ભાષા ! આ તે કાં પ્રશ્ન છે ?' પ્રમુખે ઉચ્ચાર્યું. 'પરંતુ વિશ્વનું તમામ જ્ઞાન અંગ્રેજી ભાષામાં છે, હિબ્રુ ભાષામાં એક પણ ગ્રંથ તૈયાર નથી તેનું શું?'

દોસ્તો, આપણે જાણીને આશ્ચર્ય થશે કે આઝાદ ઈઝરાયેલમાં સાત વર્ષ સુધી શિક્ષણકાર્ય શરુ થયું ન હતું. ઈઝરાયેલના તમામ વિદ્વાનોએ એક પણ પૈસો લીધા વિના દિવસનાના વીસ-વીસ કલાક કામ કરીને વિશ્વભરના અંગ્રેજી ગ્રંથોનું હિબ્રુમાં ભાષાંતરનું કાર્ય સાત વર્ષમાં પૂરું કર્યું ત્યારબાદ જ ત્યાં શિક્ષણ શરુ થયું.

એટલે જ વિદ્વાનો કહે છે, માતૃભાષા તો માના દૂધની માફક બાળકનાં તન મનને પુષ્ટ કરનારી અને બુદ્ધિને ખીલવનારી છે. માતૃભાષામાં શિક્ષણ ન અપાય તો રાષ્ટ્રને સ્મૃતિમાનો કે બુદ્ધિજીવીઓ કદાચ સાંપડશે પરંતુ પ્રાજ્ઞ કે મેધાવી પુરુષો પ્રાપ્ત થવા દુષ્કર બની રહેશે...

'સંસ્કૃત છે ધર્મની ભાષા, અંગ્રેજી વેપારે વપરાય.
હિન્દી તો છે રાષ્ટ્રભાષા પણ ગુજરાતીએ વિવેક દેખાય.'

સ્પર્શમણિ :
મારી માતૃભાષાનો વૈભવ તો જુઓ...
જતા લોકોને Bye (જાઓ) નહિ...!
પણ 'આવજો' કહીએ છીએ.

●●●

'હું તો ત્યાં સુધી કહીશ કે નાના બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિર્વીર્ય બનશે, નિર્બોધ બનશે. એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે.' - વિનોબા ભાવે

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

દેશના યુવાનોને ઈન્ટરનેટના કુસંગે ચઢતા અટકાવવા એ માતા-પિતા તરીકે અને નાગરિક તરીકે આપણી ફરજ છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

નિર્ભયા હત્યા કાંડનો જગજાહેર સાબિત થયેલો કેસ હોવા છતાં કાયદાના કાવાદાવા કહો કે રાજકારણ, અપરાધીઓ અને મૃત્યુ વચ્ચે અનેક અવરોધ આવ્યા જ કરે છે. હૈદરાબાદની ડોકટર દિકરીની કરૂણાંતિકાની ઘટના મન સાથે અફળાયા કરે છે. સૌથી વધુ કરૂણ વાત એ છે કે હવે અખબારના મહત્વના પાનાઓ પર આવી નિર્મમ ઘટનાઓ સમાચાર સ્વરૂપે છપાય છે.

તટસ્થ પત્રકારત્વ માટે પોતાની શાખ ઊભી કરનાર એક અગ્રણી અખબારે મહત્વનું બીડું ઝડપ્યું છે. ' પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ ' ની માગણી કરતું અભિયાન આ જાણીતા અખબાર જૂથ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. એમાં પોતાનો સહકાર નોંધાવવા માત્ર એક મિસ્ડ કોલ આપવાનો છે.

મોબાઈલ ફોનના માધ્યમથી અશ્લીલતા સરળતાથી માણસના મનમાં અડ્ડો જમાવી લે છે. ધીરે-ધીરે એ વ્યસનમાં પલટાઇ જાય છે અને ત્યાર બાદ એના કૃત્યોમાં વર્તાવા લાગે છે

આ અભિયાનની સાથે-સાથે સમાજની અત્યંત દારૂણ માનસિક પરિસ્થિતીઓ સામે આવી રહી છે. ભાઈ-બહેન, માતા-પુત્ર, પિતા-દિકરી જેવા નૈસર્ગિક સંબંધો જેમાં લોહીની સગાઈ છે, ત્યાં પણ અશ્લીલતા પગ પેસારો કરી ચૂકી છે. આવું થાય ત્યારે સમાજના બીજા સંબંધો સામે મોટું પ્રશ્નાર્થ ચિન્હ ચોક્કસ લાગે. ક્યા સંબંધને સલામત સમજવો એ હવે સમજની બહાર થતું જાય છે. જયારે-જયારે આવા કિસ્સાઓ ઘટનાઓ વાંચવા-સાંભળવામાં આવે ત્યારે ધ્રૂજી જવાય છે. શિક્ષિત-અશિક્ષિત તમામ વર્ગમાં પરિસ્થિતી સમાન જ છે માત્ર પધ્ધતીઓ અલગ અપનાવાય છે.

આવી દરેક ઘટનાઓની તપાસ દરમ્યાન પોર્ન સાઈટ્સ, પોર્ન સાહિત્યનો મોટો ફાળો હોવાનું જણાયું છે. મોબાઈલ ફોનના માધ્યમથી અશ્લીલતા સરળતાથી માણસના મનમાં અડ્ડો જમાવી લે છે. ધીરે-ધીરે એ વ્યસનમાં પલટાઈ જાય છે. અને ત્યાર બાદ એના કૃત્યોમાં વર્તાવા લાગે છે. માણસ, માણસ મટીને હેવાન બને છે. એનામાં પડેલી રાક્ષસીવૃતિ પ્રોત્સાહન પામીને એવા શૈતાનનું સ્વરૂપ ધારણ કરે છે જે સંસ્કાર-શરમ-ડરને આહીયા કરી જાય છે.

સલામ છે આવી લડતના લડવૈયાઓને જે સમાજને ઊધઈની જેમ ખોખલો કરી રહેલાં આ યક્ષ પ્રશ્નને ખુલ્લા મંચ પર ચર્ચે છે એના પર રોક લાવવાના પ્રયત્નો કરે છે. નોબલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કૈલાશ સત્યાર્થી બાળકોના આ પ્રકારના શોષણને રોકવા વિશ્વ લેવલે સક્રિય રીતે કામ કરી રહ્યા છે. વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારોની તરફેણ કરનારા કોઈપણ પ્રકારના પ્રતિબંધનો વિરોધ કરે છે. સુપ્રિમ કોર્ટનો પણ અભિગમ આવો જ છે. સરકાર અને કાયદાતંત્ર ઈચ્છે તો ભારતીય સમાજને ગર્તામાં ધકેલનાર આ કારોબાર પર કાબૂ શક્ય છે.

દુનિયામાં જે રોગો અગાઉ બેકાબૂ માનવામાં આવતા હતા. તેના વિરુધ્ધ દુનિયામાં એક વાતાવરણ બન્યું અને એ નાબૂદ કરાયા. પોર્નોગ્રાફી પણ એવો ખતરનાક વાયરસ છે જે આપણું સોનેરી ભવિષ્ય એવા આપણા બાળકોને પણ ભરખી રહ્યો છે. ઉપાય માત્ર એક જ છે ' સજાગતા '. બાળકો અને કાચી ઉંમર-કાચી સમજ વાળા યુવાઓને મોંઘોદાટ સ્માર્ટ ફોન, ઈન્ટરનેટની સુવિધા સહિત આપીને માતા-પિતા, બાળનું હિત નથી જ કરી રહ્યા. એ સજાગતા એ સમજણ કેળવવી પડશે. મોબાઈલફોન વાપરવા માટે વિવેક શીખવવો જરૂરી છે. અશ્લીલતાનો જન્મ માનવના અસ્તિત્વ સાથે જ થયો છે. પરંતુ અનેક પેઢીઓથી સંસ્કાર, શરમ અને ભગવાનનો ડર માણસને પોતાની જાત પર કાબૂ જાળવવામાં મદદરૂપ થતો. હવે જ્યારે બેશરમી એ માઝા મૂકી છે સંયમનું એનકાઉન્ટર કરવામાં આવ્યું છે ભગવાનની તો ઐસી તૈસી કરીને પતનની ખીણમાં માણસ ધસી રહ્યો છે ત્યારે કાયદો પણ વામણો બને એ સ્વાભાવિક છે. આગળના લેખમાં આપણે ચર્ચ્યું હતુ કે નૈતિકતા અંગત સંપતિ છે. સમાજમાં નૈતિકતાનું સ્તર સુધારણાના આવા અભિયાન આવકારદાયક છે.

સ્ત્રી અને બાળકોની સતામણીના અનેક કિસ્સાઓમાં મૂળ ગુનેગાર પોર્નસાઈટ કે અશ્લીલ સાહિત્ય જ જણાયું છે. વર્ષો થી 'પ્લેબોય' જેવું બોલ્ડ મેગેઝીન વિદેશથી આપણા દેશમાં આવે છે. પરંતુ પહેલા એ વેચનારા અને ખરીદનારા બંનેમાં અનુચિત કામ કરી રહ્યા નો સંકોચ વર્તાતો હવે થતાં દરેક અનુચિત કાર્ય પાછળ માણસ પોતાનું અંગત સમાધાન શોધીને આત્માના અવાજને દબાવવામાં કુશળ થઈ ગયો છે. હવે તો માણસે 'આત્માના અવાજ' જેવી કોઈ શુભ પ્રેરણાને ઓળખવાનું બંધ કરી દીધું છે. એને માટે માત્ર પોતાની ઈચ્છા અને જરૂરિયાત જ સર્વોપરી બની રહ્યા છે. ધડાધડ નીચે તરફ ધસી રહેલા આ માણસાઈના ગ્રાફને રોકવામાં નાનકડું પણ યોગદાન આપી શકીએ તો આજના સમયમાં મોટું પુણ્યકાર્ય કહેવાશે. પોતે આવી કોઈ લતથી લદાયેલ હોઈએ તો તાત્કાલિક એ ભ્રામક જાળને ફગાવી દઈએ અને જાત સાથે આંખ મિલાવવા સજ્જ બનીએ હતાશાની આવી દવા હિતાવહ નથી. નવરાશનો આ અત્યંત દુરુપયોગ છે. અભણપણું-અજ્ઞાનતા આવી દુષ્પ્રવૃતિઓનું જન્મ સ્થાન છે.

પોતાની આંતર ચેતનાને જગાડીને વિચારવું જોઈએ કે આઝાદી માટે ફના થયેલા શહીદો પણ યુવાઓ જ હતા. સ્વામી વિવેકાનંદ, બુધ્ધ, મહાવીર જેવા ધર્મોપદેશકો મુઠ્ઠી ઊંચેરા માનવી સાબિત થનારા યુવાઓ જ હતા. સૌથી વધુ યુવાનોની વસ્તી ધરાવતા આપણા દેશના યુવાનો ને ઈન્ટરનેટના કુસંગે ચઢતા અટકાવવા એ માતા-પિતા તરીકે અને નાગરિક તરીકે આપણી ફરજ છે. જેને મનુષ્ય તરીકે જીવી નાંખવું નથી જીવી જાણવું છે...જેમની સંવેદનશીલતા અકબંધ છે. એ તમામ નાગરિકો અખબારની અપીલ ગંભીરતાથી લેશે એવી અપેક્ષા છે.

કોરોના વાયરસ અને તેનાથી બચવાના ઉપાયો

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

કોરોના વાયરસ હાલ ખૂબ ચર્ચામાં છે. હાલ ચીનમાં લગભગ પચાસ હજાર જેટલા લોકો કોરોનાની ઝપેટમાં છે અને લગભગ ૧૮૦૦ જેટલા લોકોના મૃત્યુ થયેલા છે. ચીન ઉપરાંત બીજા ૨૮ જેટલા દેશોમાં કોરોનાના કેસ જોવામાં આવ્યા છે, જેમાં ભારત પણ સામેલ છે. આજે આપણે આ કોરોના વાયરસ કે જેને COVID -19 પણ કહેવામાં આવે છે, તેના વિષે વધુ માહિતી મેળવીએ અને તેનાથી બચવાના અમુક ઉપાયો વિષે જાણીએ.

- કોરોના વાયરસ એ ચીનમાં ઉદ્ભવેલું વાયરસનું એક ગ્રુપ છે. અગાઉ SARS (સાર્સ) રોગ ફેલાયેલ એ પણ આ કોરોના ગ્રુપના વાયરસનો જ ઉપદ્રવ હતો. જાણકારોના મતે સૌપ્રથમ આ વાયરસ ચીનના હુઆન પ્રાંતના એક સી- ફૂડ હોલસેલ માર્કેટમાથી ફેલાયેલ છે.

- કોરોના વાઈરસ આપણા શ્વસનતંત્ર પર અસર કરે છે. કોરોનાના ચેપને કારણે શરદી-કફ, ફલૂ-તાવ, શ્વાસ લેવામાં તકલીફ, અને ન્યુમોનિયા થાય છે. કોરોના દ્વારા થતો ન્યુમોનિયા વાઈરસ જનિત છે, એટલે તેમાં એન્ટિબાયોટિક દવાઓ બહુ કામ નથી કરતી. (એન્ટિબાયોટિક દવાઓ બેક્ટેરિયાના ઈન્ફેક્શનમાં કામ આપે છે). આથી કોરોના દ્વારા થતા ન્યુમોનિયામાં બધો આધાર વ્યક્તિની ઈમ્યુનીટી પર છે. આ ઉપરાંત આ વાયરસનો ચેપ શ્વાસ મારફતે એક વ્યક્તિમાંથી બીજા વ્યક્તિમાં ફેલાય છે જે વધુ ચિંતાજનક છે.

- કોરોના વાયરસ ના એકાદ બે કેસ ભારતમાં જોવા મળ્યા છે પણ ચિંતા કે ડરવાની જરૂર નથી. અગાઉ લખ્યું તેમ કોરોના વાયરસના પ્રતિકાર માટે વ્યક્તિની ઈમ્યુનીટી સ્ટ્રોંગ હોવી જરૂરી છે. આયુર્વેદના એવા અનેક ઔષધો અહીં આપણી મદદે આવે છે. હવે વાત કરીએ અમુક એવા ઔષધો વિષે જેનું સેવન આપણી ઈમ્યુનીટી વધારી શકે અને કોરોના કે તેના જેવા બીજા ચેપી રોગો સામે આપણને રક્ષણ આપી શકે

૧. હળદર, તુલસી, ગળો, કડુ, અને કરિયાતાનો પાવડર સરખે ભાગે મિક્સ કરીને એક ચમચી સવાર સાંજ લેવું

૨. ભોંયઆમળી વાઈરસના પ્રતિકાર સામે ઉત્તમ ઔષધ છે. તાજી ભોંયઆમલીનો રસ કે ભોંયઆમલીનું ચૂર્ણ અર્ધી ચમચી સવાર સાંજ નિયમિત લઈ શકાય.

૩. શરદી-ઉધરસ કે કફ થયા હોય તો તેને મટાડવા માટે જેઠીમધ, સિતોપલાદિ, અરડૂસી, ભારંગમૂળ, અભ્રક ભસ્મ, વગેરે ઔષધોનો ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત માર્કેટમાં તૈયાર મળતી અમુક આયુર્વેદિક દવાઓ જેવીકે વ્યોષાદિ વટી, કનકાસવ, સોમાસવ, શ્વાસ કુઠાર રસ, લક્ષ્મી વિલાસ રસ વગેરે નિયત માત્રામાં લઈ શકાય.

૪. નિયમિત વ્યાયામ, આસન અને પ્રાણાયામ પણ ખૂબ ફાયદાકારક છે

આપણી ઈમ્યુનીટી સ્ટ્રોંગ હશે તો કોઈ પણ પ્રકારનો ચેપ લાગવાનું જોખમ ઘટે છે. આથી, આયુર્વેદના આ ઔષધો વડે આપણી ઈમ્યુનીટી વધારીએ અને કોરોના જેવા વાયરસ સામે રક્ષણ મેળવીએ.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

બાળ સાહિત્યની આજ અને આવતીકાલ



મનના ઉમંગો
રણછોડ પરમાર

ગયા રવિવારે એટલે કે તા-૧૬/૦૨/૨૦૨૦ ના રોજ ગાંધીનગર સાહિત્ય સભાની વાર્ષિક સભા યોજવામાં આવી હતી.તે નિમિત્તે બ્રહ્માણી હોલમાં ''બાળ સાહિત્યની આજ અને આવતીકાલ '' એ વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. સહુ પ્રથમ સાહિત્યસભાના અધ્યક્ષશ્રી નટવરભાઈએ બધાને આવકારતું સ્વાગત પ્રવચન કર્યુ અને સંજયભાઈ થોરાતે સાહિત્યસભાએ વરસ દરમ્યાન કરેલી કામગીરીનો અહેવાલ આપ્યો. પરિસંવાદના અધ્યક્ષ હતા શ્રી ટી.સી. જોષી(નિયામકશ્રી જીસીઈઆરટી, ગાંધીનગર) અને મુખ્ય વક્તા હતા બાળ સાહિત્યના ભિષ્મપિતામહ એવા યશવંત મહેતા. યશવંતદાદાએ દલપતરામ પંડ્યાના સાહિત્ય વિષે સરસ ઉદાહરણો સહિત પ્રવચન આપ્યું.ગુજરાત સાહિત્ય અકાદમીએ દલપરામના સમગ્ર સાહિત્યના પાંચ દળદાર ગ્રંથો પ્રગટ કર્યા છે. તેમાંથી બાળ સાહિત્ય અલગ તારવીને યશવંતભાઈએ એક સરસ સંકલન પ્રગટ કર્યુંછે. કોઈકવાર આપણને આ પુસ્તક અંગે વાત કરવાનું ગમશે. શ્રી યશવંતભાઈએ કહ્યુદ્દ કે શિષ્ટ સાહિત્યવાળા સાહિત્યની વાત કરતી વેળાએ બાળસાહિત્યને કાયમ કોરાણે મૂકી દે છે. ૧૯૦૫ થી ગુજરાતી સાહિત્ય પરિષદ શરૂ થઈ છે પણ બાળકોના સાહિત્ય ની એકાદ વખત માંડ વાત થઈ હશે. ગાંધીનગર સાહિત્ય સભાએ આ માટે ખાસ પરિસંવાદ યોજ્યો છે ઘણા આનંદની વાત છે.

નટવરભાઈ પટેલે બાળનાટકોનો આખો ઈતિહાસ રજૂ કરી દીધો. શ્રી યોસેફભાઈ મેકવાને એકવીસમી સદીની બાળકવિતાઓ સંભળાવીને પ્રેક્ષકોને તરબતર કરી દીધા. શ્રી રવજીભાઈ ગાબાણીએ બાળકોને કેવી વારતાઓ ગમે તેની બહુ સુંદર બે વાર્તાઓ કહીને છણાવટ કરી. અંબાલાલ પ્રજાપતિએ ચિલ્ડ્રન યુનિવર્સીટીમાં થતી કામગીરીનો અહેવાલ આપ્યો. કમલેશભાઈ પટેલે હંમેશાની મુજબ સરસ સંચાલન કર્યું. ભીખુભાઈ કવિએ અંતે સૌનો આભાર માન્યો. સરસ પ્રવચનો સાંભળવા મળ્યાં અને ઘણા મિત્રોને મળવાનું થયું એટલે બહુ આનંદ થયો. પરંતુ કોઈ મનુભાઈ ત્રિવેદીના બાળ સાહિત્ય વિષે કશું ના બોલ્યું એટલો રંજ રહી ગયો.

યોસેફ મેકવાને એકવીસમી સદીની બાળ કવિતાઓ વિશે ઘણી વિગતથી વાત કરી. ઘણી બધી કવિતાઓની પણ વાત કરી. એમણે ઉલ્લેખ કરેલી બાળકવિતાઓનું જ સંકલન કરવામાં આવે તો એક ઉત્તમ બાળકાવ્યોનો સંગ્રહ બની શકે. તેમાં એમણે સરસ કવિતા રજૂ કરી હતી, તે હું અહીં રજૂ કરું છું.

તડકાનાં હું ઝાંઝર પહેરી રૂમઝૂમ રૂમઝૂમ ચાલું,
ખન ખનક કૈં ઝાંઝર બોલે હું મસ્તીમાં મ્હાલું.
તડકો મારો દોસ્ત બનીને મારી પાસે આવે,
હળવે રહીને કાનમાં પૂછે' મારી સાથે ફાવ્વે ?'
'હોવ્વે' કહીને એની સાથે બોલું કાલુ કાલુ,
તડકાનાં હું ઝાંઝર પહેરી રૂમઝૂમ રૂમઝૂમ ચાલું.
નાની મારી ગાગર બહેની, એમાં તડકો ભરતી,
એને મૂકી માથે હું તો અલકમલકમાં ફરતી.
મુઠ્ઠીમાં પકડું તો છટકે કેમ કરી હું ઝાલું ?
-રામુ પટેલ 'ડરણકર'

આ ગીત શબ્દસૃષ્ટિના ૨૦૦૬ ના ઓક્ટોબર માસના અંકમાં છપાયું હતું. આપણા અગ્રણી બાળસાહિત્યકાર નટવરભાઈ પટેલે વર્ષ- ૨૦૦૬ માં પ્રગટ થયેલા શ્રેષ્ઠ કાવ્યોનો એક સંગ્રહ તૈયાર કર્યો હતો. તેમાં આ કાવ્ય સમાવાયું હતું. હું ઉત્તરાયણ પછી થોડા દિવસ મારી દીકરી સાથે રહેવા બોટાદ ગયો હતો. ત્યાં વાંચવા માટે પાંચ પુસ્તકો લઈ ગયો હતો. છેલ્લું શ્રી નટવરભાઈ પટેલ સંપાદિત બાળકાવ્યચયન વાચ્યું હતું. બાળસાહિત્યની વાત કરીએ છીએ તો ભેગાભેગી એની પણ વાત કરીશું.

નટવરભાઈએ ૨૦૦૬ના વર્ષમાં છપાયેલાં બાળકાવ્યોમાંથી સિત્તેર જેટલા કવિઓના નેવું કાવ્યો પસંદ કરીને આ પુસ્તકમાં સામેલ કર્યા છે. આમ તો બધાંજ કાવ્યો સારાં છે, પણ અમુક કાવ્યો તો ખરેખર બાળકોને મઝા કરાવી દે તેવાં છે. ઉઘડતા પાને જ શ્રી ચંદ્રકાંત શેઠનું ''ઊંચા ઊંચા ડુંગર ચડશું '' એવું મસ્ત ગીત મળે છે. બીજા પાને શેઠનું જ ''ખૂલ્લામાં ખેલવાની આવે મઝા'' ગાંતાં ગાતાં બાળકોને મઝા આવી જ જાય. એમની પાછળ કવિશ્રી ઉશનસ '' બાળકની ઋતુઓ'' લઈને આવ્યા છે એક જમાનામાં દલપતરામે ઋતુઓનું એક પ્રખ્યાત ગીત લખેલું છે. ઉશનસે આજના જમાનાનું નવું ગીત લખ્યું છે. હરિકૃષ્ણભાઈ પાઠક '' આજ વરસાદ આવ્યો મારે ઘેરઘેર'' ગીત લઈને આવ્યા છે. તો શ્રી કરસનદાસ લુહાર એક ''ઝાડવાની ડાળી પર વાદળ બેઠાં'' એવું અનોખી કલ્પનાભર્યું ગીત બાળકોને ભેટ ધરે છે, શ્રીમતી ઉષાબેન ઉપાધ્યાય ગીતમાં બાળકના સપનામાં સ્પાઈડર મેનનું ગીત ,શ્રી રમેશભાઈ ત્રિવેદીએ '' અગડં નાચે, બગડં નાચે, નાચે તાતા થૈયા'' બાળકોને નાચવાનું મન થાય એવાં બે ગીત, નિર્મીશ ઠાકર ''ભોગીકાકાનું ક્રિકેટ''; લાલજી કાનપરિયા અલબેલી ગીત યશવંત મહેતાએ તેમના નામને યશ અપાવે તેવાં બે સુંદર ગીતો,રામુ પટેલ ડરણકર ''તડકાનું હું ઝાંઝર પહેરી રૂમઝૂમ રૂમઝૂમ ચાલુ'' એવું અદભુત કહી શકાય તેવું રૂપકગીત(જે ઉપર રજૂ કર્યું છે.) ,શ્રીમતી મીનાક્ષીબેન ચંદારાણાના ગીતમાં તો બાળકો '' હેઈ, હેઈ, હેઈ, હેઈ'' કરતાં ઝૂમી ઉઠે એવો લય હિલ્લોળ જમાવાયો છે. કુ. પ્રજ્ઞાબેન પટેલ બાળકોને અતિપ્રિય એવા ફૂગ્ગાઓનું ગીત લઈને આવ્યાં છે. નવા બાળકવિઓએ પણ સરસ મઝાના ગીતો આપ્યાં છે. ચાંદો, સૂરજ, હાથી, પતંગિયું, ફૂગ્ગા,રજાઓ, ઘૂઘરિયો બાવો જેવા બાળકોને બહુ ગમતા બધા જ વિષયોનાં ગીત આમાં આવી જાય છે. એ,બી,સી,ડી, અને સ્માઈલ જેવા અંગ્રેજી શબ્દો પર પણ મસ્તીલાં ગીત છે. જાણે કે નટવરભાઈએ ગીતોનો એક મોટો ખજાનો બાળકોને ધરી દીધો છે. નટવરભાઈની મહેનતને સલામ કરવી પડે તેવું આ કાર્ય છે.

પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ આવા સંગ્રહો વરસોવરસ બહાર પડવાના હતા. મેં આ અંગે નટવરભાઈને પૂછ્યું તો એમણે જણાવ્યું કે બીજા ચારપાંચ સંગ્રહો પ્રસિધ્ધ થયા છે. પણ પછી તે પ્રવૃત્તિ અટકી પડી છે. આવી ઉમદા પ્રવૃત્તિ અધવચ્ચે અટકી જાય તે બરાબર નથી.આપણે આવા સંગ્રહો ખરીદીને વાંચવા જોઈએ અને બાળકોને બીજી મોંઘીદાટ ભેટો આપવાના બદલે આવા પુસ્તકો ભેટ આપવાં જોઈએ.